સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વફાદારી બૂરખે, જૂથબંધીથી, ગ્રસ્ત રહ્યો છે,
રૂઢિગત નિર્ણયોમાં સદા કૉંગ્રેસ વ્યસ્ત રહ્યો છે,
ત્રસ્ત રહ્યો છે યુવા વર્ગ, શિસ્ત-ઘંટીએ પિલાઈ -
લ્યો ! ઓસરી ગઈ 'સંધ્યા' આદિત્યનો અસ્ત થયો છે
(સિંધિયા પરિવારની ગૂંલાટ સત્તા માટે)

હાઈકુ

પકડી લીધું -
સત્તા એપી સેન્ટર -
ને સર્જ્યો કંપ !!

લ્યો ! કાદવમાં
શિવરાજ કમલ -
ફરી ખિલશે...

ચિંતન

આયુ કર્મ ચ વિત્ત ચ વિદ્યા નિધનમેવ ચ ।
પઞ્જૈતાન્યપિ સૃજ્યન્તે ગર્ભસ્થસ્યૈવ દૈહિનઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ ઓયે.

જન્મ સાથે પૂર્વજન્મના સંસ્કાર અને કર્મ સંકળાયેલા છે.

આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુ આ પાંચેય બાબતો માનવી જ્યારે ગર્ભમાં હોય ત્યારે જ નિશ્ચિત થઈ જાય છે, એને વિધિના લેખ કે કર્મ કહેવામાં આવે છે.

મૃત્યુની સાથે - આત્મા સાથે, વાસનાઓ, ઈચ્છાઓ, કર્મો, સંસ્કાર, પાપ કે ભક્તિ, જ્ઞાન આ બધાની ફલોપી આત્માની આસપાસ એક આવરણ તરીકે જીવની સાથે જ જાય છે અને જન્મ લે છે. એટલે ગર્ભની સાથે જ જન્મે છે.

ધન વિદ્યાના સંસ્કાર જીવ પર હોય છે. મૃત્યુ સુધીમાં પ્રાપ્ત કરેલ ભક્તિ-શક્તિ બીજાની જન્મની શરુઆતથી થાય છે. ઘણાં બાળકોને નાની ઉંમરમાં ગીતા-રામાયણ કંઠસ્થ હોય છે. આમ હોંશિયારી, વિદ્વતા કે બુદ્ધિની મંદતા પણ પૂર્વજન્મના સંસ્કારનું પરિણામ જ છે.

સુવિચાર

- ફિર તો ખામોશી ભી સુનતી હૈ દુનિયા... લેકિન પહેલે ધૂમ મચાતી પડતી હૈ! - **પ્રતાપસિંહ**
- હું કાયમ મારી પીઠ પાછળ દોડતા સમયના રથને ઝડપભેર નજીક આવતો સાંભળું છું - **એન્ડ્રુ માર્વેલ**
- જ્ઞાનથી ભરેલાં પુસ્તકોના ભારથી લદાયેલો ગધેડો એ આખરે ગધેડો જ છે - **સૂફી કહેવત**
- ઈશ્વરના કેદી બનશો તો બંધનરહિત બનશો શી રીતે ? - **મિખિલ નેઈમી**
- અધ્યાત્મ એ નિરંતર સાવધાનતા છે - **વિમલા ઠાકર**
- સત્પુરુષોનું કામ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવ છે - **શ્રીમદ્ રાજચંદ્ર**
- આજનું ઔષધ : કાંદાનો રસ ખરજવા, ખંજવાળની જગ્યાએ લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાની હત્યા કરી તેમનો એકનોએક પુત્ર રાજગાદી પર બેસી ગયો. થોડા વર્ષો બાદ પિતૃહત્યાનો ખૂબ પસ્તાવો થયો. એણે એમના એક દરબારીને પ્રાયશ્ચિત કરવા શું કરવું એની સલાહ માંગી. દરબારીએ રાજાને પશુબલિ યજ્ઞનું આયોજન કરવા કહ્યું. એવામાં એક સંત એ નગરમાં આવ્યા. એમની ખ્યાતિ સાંભળીને રાજા એમને મળવા ગયો. એમને પશુબલિ યજ્ઞની વાત કરી. સંતે કહ્યું, 'બહાર બગીચામાંથી એક ફૂલ લાવી આપો.' રાજા એક ફૂલ તોડી લાવ્યો. સંતે કહ્યું, 'રાજન હવે એક બીજું પુષ્પ પણ ચૂંટી લાવો કે જેથી પ્રથમ ચૂંટેલું ફૂલ ખીલી ઊઠે.' રાજા કહે, 'મહારાજ, એ તો સાવ અશક્ય છે. એક અન્ય ફૂલ તોડી લાવું તો પહેલાં તોડી આપ્યું તે ફૂલ કેવી રીતે ખીલી ઊઠે ??' સંતે પૂછ્યું, 'રાજન. એક હત્યાનું પ્રાયશ્ચિત બીજી હત્યા કરીને થઈ જશે એવી તું આશા કેવી રીતે રાખી શકે ?' રાજાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એણે તરત યજ્ઞ મુલત્વી રાખવા હુકમ કર્યો. સાર એ જ કે કોઈ એક ખોટા કૃત્યને બીજું ખોટું કાર્ય કરીને સાચું કે વાજબી ઠરાવી શકાય નહીં. થયેલી ભૂલને સુધારવાનો એક રસ્તો એ છે કે એવી ભૂલ ફરીથી ન થાય ને શક્ય હોય ત્યાં જેનું બૂરું થયું હોય એની ક્ષમા માગી લેવી.

લાજ નેવે મૂકીને નેતા બની શકાય છે

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રદ્રોહની કલમ તો બંધારણમાં અને ઈન્ડિયન પીનલ કોડમાં છે, પરંતુ 'પ્રજાદ્રોહ'ની નવી કલમ ઉમેરવાની તાતી જરૂર ઊભી થઈ છે એવું નથી લાગતું? લોકશાહીનાં આવા વરવાં સ્વરુપ પણ હોઈ શકે, એવી કુત્સિત કલ્પના તો ખુદ રાષ્ટ્રપિતાને 'રાષ્ટ્રપિતા' બન્યા પૂર્વે, છેક ૧૯૦૮ની સાલમાં આવેલી. ગાંધીજીએ દરિયાઈ પ્રવાસ દરમિયાન લખેલ 'હિંદ સ્વરાજ' માં ધારાસભ્યોને (આ વખતે 'પાર્લામેન્ટ' માટે આ પર્યાય વપરાતો હતો -) વેશ્યા કહી હતી. આ શબ્દ એની બેસન્ટ જેવાંને ખટક્યો પણ હતો. પરંતુ આજે મધ્યપ્રદેશ કે ઘર આંગણે ગુજરાતમાં સગી આંખે જે જોવા મળી રહ્યું છે તે બીજું શું છે ? મૂલ્યોનો હ્રાસ થતો જોયા છતાં પિતામહ ભીષ્મ કે કૃપાચાર્ય અક્ષરે બોલી નહોતા શક્યા એમ આજે ધારાસભ્યોને ઘેટાં બકરાંની જેમ વાડામાં પૂરી રાખવા સામે કે એમના ખરીદ વેચાણ સામે કોઈ માઈનો લાલ તરીકે જેની પાસેથી મૂલ્યોનાં જતનની સ્વાભાવિક અપેક્ષા રહેતી હતી, એ જ ભારતીય જનતા પાર્ટીએ અન્ય કોઈ પણ રાજકીય પક્ષને શરમાવે એ હદે મૂલ્યનિષ્ઠા ગુમાવી દીધી છે. મધ્યપ્રદેશમાં અને કર્ણાટકમાં અપનાવાયેલી પદ્ધતિ - ધારાસભ્યોને પટાવી-લલચાવી પોતાની પાંખમાં લેવાના જાણીતા કારસા ગુજરાતમાં પણ ૨૦૧૭ની રાજયસભાની ચૂંટણી ટાણે ખેલાઈ ચૂક્યા છે અને આજે ૨૦૨૦ માં પણ એ જ 'મોડસ ઓપરેન્ડી' હેઠળ કોંગ્રેસી ધારાસભ્યો સામે ચાલીને સ્પીકરને રાજીનામાં આપી રહ્યા છે. ધારાસભ્ય આવી મહામહેનતે મળેલી બેઠક શું કામ છોડે છે ? એ બેઠક મેળવવા માટે એણે કેટલી તો જદ્દોજહદ કરી હતી ; કેટલા રૂપિયા ખર્ચ્યા હશે ; રાતપરોઢિયાં કર્યાં હશે ! એવી મહામૂલી ધારાસાભાની બેઠક કોઈ ધારાસભ્ય મફતમાં થોડો છોડે ? ટૂંકમાં, તે ખરીદાઈ રહ્યો છે. ખરીદનાર અને ખરીદાનાર - બેઉ રાજી છે. દુઃખી હોય તો એના મતની અપેક્ષા રાખનાર રાજયસભાના એના જ પક્ષના ઉમેદવાર અને એ ઉમેદવાર કરતાં પણ વધુ દુઃખી છે પેલી પ્રજા, જેણે વિચારધારા અથવા આ કે તે મુદ્દા પર જે - તે મુરતિયાને સહેરો પહેરાવ્યો હશે ! હરિયાણામાં ત્રણ લાલ - દેવીલાલ, બંસીલાલ અને ભજનલાલ વચ્ચે ધારાસભ્યોની આવી અવરજવર રહ્યા કરતી ત્યારે એવા અડૂકદડૂકિયા ધારાસભ્યો માટે 'આયારામ - ગયારામ' જેવા સૂચક શબ્દો વપરાવા લાગેલા. આવા આયારામ-ગયારામ ગાંધીના ગુજરાતમાં પણ પેદા થશે જ, એવી કઠોર વાસ્તવિકતા કમને પણ આપણે સ્વીકારવી પડે છે. પ્રજાદ્રોહ કરી રહેલા ધારાસભ્યોને રૂપિયાની થેલી સાથે જ આલીશાન મહોલાતોનો મોહ જાગે છે. પ્રજા આ બધું નરી નજરે, પોતાની સામે જ ભજવાતું જોયા કરે છે. વાલ્મીકિની જેમ એની જીભે મા નિષાદ્... એટલો શબ્દ પણ આવતો નથી. એણે પણ આ બધું કોઠે પડી ગયું છે. જૂના જમાનામાં એક કહેવત હતી : યથા રાજા તથા પ્રજા. હવે પ્રજાનું રાજ હોવાથી એ સૂત્ર ઉલટાવી નાખવાની જરૂર છે : 'યથા પ્રજા, તથા રાજા !' પ્રજામાં જ કૌવત ન હોય તો એના પ્રતિનિધિ ક્યાંથી કૌવતવાળા પાકશે ! ગુજરાતમાં ચાલી રહેલી રાજયસભાની ચૂંટણી ટાણે કેટલાક કોંગ્રેસી ધારાસભ્યોએ સ્પીકરને રૂબરૂ મળી રાજીનામાં આપી દીધાં છે. પરિણામે એના બે પૈકીના એક ઉમેદવારે કાં તો ઉમેદવારી પાછી ખેંચવી પડશે કાં તો હાર ખમવાની તૈયારી રાખવી પડશે. છતા મતોએ કોંગ્રેસનું વલણ મધદરિયે પદ અને પૈસા ખાતર ધારાસભ્યો લાજ નેવે મૂકી શકે છે, તે શું મતદાતાઓ સાથેનો ઉઘાડો દ્રોહ કે વિદ્રોહ નથી ?

કાવ્યો અને તેના વિવિધ પ્રકારો આપણને પ્રેરણા આપે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"હવે હમણાં કોરોના ઈફેક્ટને કારણે કોલેજો બંધ છે. તો ઘરમાં રહેલા અને બાકીના ઓનલાઈન પ્રાપ્ત પુસ્તકો વાંચુ છું." દીકરીએ ડેડીને કહ્યું અને પછી બંને સાથે મળીને તારીખ ૨૧ માર્ચે ઉજવનાર વિશ્વ કવિતા દિવસ તથા કાવ્યો અને તેના દ્વારા ચિતને - મનને પ્રાપ્ત તથી સંવેદનાઓની વાતોમાં વળગ્યા.

કાવ્યો આપોઆપ પણ રચાય છે અને પ્રયત્નપૂર્વક - પ્રસંગ આધારિત પણ લખાય છે. સરવાળે એમાં શબ્દોમાં સમાયેલ ભાવથી અભિવ્યક્તિ ભાવક-વાચક સુધી પહોંચે એ જરૂરી છે.

World Poetry Day (વિશ્વ કવિતા દિવસ)નો આરંભ યુનેસ્કો દ્વારા ૧૯૯૯માં થયેલી ઘોષણા મુજબ થાય છે. ભારતમાં કાવ્ય સર્જનના ઈતિહાસ સથે ભરત મુનિનું નામ જોડાયેલું છે. કાવ્યના અનેક પ્રકારો છે પંરતુ આખરે બધામાં સત્યમ્ - શિવમ્ - સુંદરમ્ સમાયેલા છે. સંસ્કૃત કાવ્યોથી લઈને ભારતની વિવિધ ભાષાઓમાં અને આપણી ગુજરાતી ભાષામાં માનવ મનની સંવેદનાઓ સ્પર્શતિ કવિતાઓ શબ્દોમાં વ્યક્ત થઈ છે.

અજ્ઞાનના અંધકારને પોતાના અધ્યાત્મ જ્ઞાન વડે પ્રકાશથી ભરી દેનારા સંત કબીરે એમની કલમ થકી અનેકવાર શબ્દનું મહિમાગાન કર્યું છે. શબ્દ જીવનની અનમોલ સંપદા છે અને શબ્દ જ વ્યવહારનું મહત્ત્વનું સાધન છે ત્યારે કબીર સાહેબ લખે છે.

શબ્દ સમ્હારે બોલીયે, શબ્દ કે હાથન પાંવ,
એક શબ્દ ઔષધિ કરે, એક શબ્દ કરે ઘાવ.

જગતમાં જેઓ મીઠું બોલે છે, શીતળતા આપનારું બોલે છે એ જ સારા લાગે છે એ વાતની પ્રતીતિ પ્રતિકો દ્વારા કરાવતા કબીર સાહેબ કહે છે.

કાગ કાકો ધન હરે, કોયલ કાકો દેત,
મીઠા શબ્દ સુનાય કે, જગ આપનો કરી લેત.

અન્ય એક દોહરામાં શબ્દના અણમોલપણાને વ્યક્ત કરતા કબીર લખે છે,

શબ્દ બરાબર ધન નહીં, જો કોઈ જાનૈ બોલ,
હીરા તો દામોં મીલે, શબદ હી મોલ ન તોલ.

તો રહીમ સાહેબ શબ્દનું જ મહત્ત્વ સ્થાપિત કરતા કહે છે.

ઐસી બાની બોલીયે, મન કા આપા ખોય,
ઔરન કો શીતલ કરે, આપહુ શીતલ હોય.

શબ્દ-કવિતા - કવિ કર્મ વિશે ગુજરાતી ભાષામાં સુદીર્ઘ ખેડાણ થયું છે. મનોજ ખંડેરીયા શબ્દનું મહત્ત્વ દર્શાવતા કહે છે.

મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

કવિ સુરેશ દલાલ પ્રકૃતિ સાથે શબ્દને જોડીને કહે છે,

વૃક્ષ, પ્હાડ ને ફૂલ, શશી ને તારા થઈને,
અંધકારમાં શબ્દો ઉગ્યા મારા થઈને.
શબ્દો પણ ગમા-અણગમા સાથે આવે છે.
કવિ મકરંદ દવે લખે છે,
કોઈ શબદ આવે આ રમતો રે,
કોઈ શબદ આવે મનગમતો

કવિતા-કવિનું કાર્ય અને જીવનના વ્યવહારો, વિપીન પરીખે અદ્ભૂત વવાત લખી છે.

એક કવિતાના પુરસ્કારના જો પાંચ રૂપિયા આપવામાં આવે તો કવિએ મહિનાની કેટલી કવિતા લખવી જોઈએ, જેથી એ પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે ?

માનવ મન, શરીરનું એ અવયવ છે જ્યાં લાગણીઓ અનુભવાય છે, આંખ જે જુએ, મન જે અનુભવે, હૃદય જે વિચારે એને અનુરુપ પ્રગટતી લાગણીઓને કવિતા શબ્દો દ્વારા અભિવ્યક્તિ મળે ત્યારે તે કવિતા કહેવાય છે. કવિતા શું છે એ સમજવું એકેડેમીક વિષય છે અને કવિતાના શબ્દ વાંચીને જ્યાં હોઈએ એના બદલે કોઈ બીજા મનોવિશ્વમાં ભાવક તરીકે પહોંચી જવું એ બીજી વાત છે. કાવ્યો અને તેના વિવિધ પ્રકારો આપણને હંમેશા પ્રેરણા આપે છે - સમજણ આપે છે અને આવું જયારે જયારે જયાં-જયાં અનુભવાય ત્યારે ત્યારે - ત્યાં-ત્યાં શબ્દોના અજવાળા ફેલાય છે.

જો બચી શકે તો તે જ બચશે તે જ થોડોક અમથો માણસ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

એક અગત્યની સૂચના-માણસ ખોવાયો છે.કોઈ શોધી આપોને. આજે માણસનો માણસ પરથી જ વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માનસની ગેર હાજરી જોવા મળે છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં મનુષ્ય પોતે જ એવો તો અટવાયો છે કે હવે આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળી શકતો નથી. ચાપલૂસીમાં રત એવો વ્યક્તિ ક્ષણિક સ્વાર્થ માટે કોઈનું બુરું કરતા અચકાતો નથી.

સમય પ્રમાણે અને સંજોગોવશાત તેના સિદ્ધાન્તો બદલાય છે.ક્યારેક દંભી બનીને જોરશોરથી જે પ્રામાણિકતાની વાતો કરતો હોય છે તે જ વ્યક્તિ પોતાના સંતાનના માર્કસ વધારવા માટે શિક્ષકના ઘરે જાય છે.

નબળા માણસને જોઈને સિંહ જેવો બનીને ત્રાડ પાડનારો વ્યક્તિ પોતાનાથી બળુકાને જોઈને બકરી બની જાય છે,તેની જોહુકમી સહન કરી લે છે.સિંહમાંથી શિયાળ બનતા વાર લાગતી નથી.

જે મૂલ્યો નીતિ નિયમો અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો-હા કરી મૂકી હોય તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યક્તિ કોઈ નાનપ અનુભવતો નથી.

ગાડી ચલાવતાં ચલાવતાં મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યક્તિને ટ્રાફિક પોલિસ પકડે ત્યારે ૫૦/- આપીને ફરી આગળ વધતો,કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે.

ડબલ ઢોલકી માનસિકતાવાળો આજનો વ્યક્તિ એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ-મ્હોરાઓ લઈને ફરે છે,પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે.

મૃત્યુ પામતા પહેલા જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જીવે છે. પ્રેમ વફાદારી,ઈમાનદારીની દુનિયાદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેમનો દૂર-દૂર સુધી કોઈ નાતો નથી, પણ હા એકાદ કલાક સુધી પ્રેમ અને વફાદારી ઉપર ભિન્ન ભિન્ન ઉદાહરણ સાથે પ્રવચન આપી શકે છે. જેમને પોતાના ઉપર શ્રદ્ધા નથી તેઓ પ્રવચન આપવામાં એક્કા હોય છે.

એક એવા મનુષ્યને મળવું છે જે ભાવના,લાગણી,સંવેદના જેવા વેદિયા લાગતા શબ્દો સાથે જીવતો હોય તેને સમજતો હોય. કમનસીબે અત્યારે પ્રેમ ગણતરીબાજ અને આવશ્યકતા મુજબનો થઈ ગયો છે. પ્રેમના ગણિત મંડાય છે.

એક વાત જે પોતાની માટે સાચી હોય તે અન્ય વ્યક્તિ માટે ખોટી બની જાય છે,કારણકે ક્યાક ને ક્યાક ત્યાં તેમનો અહં ઘવાતો હોય છે.

અહીં દુશ્મનો અને મિત્રની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે,સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાઈ જાય છે.

કાર્યક્રમ કોઈનો પણ હોય ફેસબુક પર પોતાનો ફોટો એવી રીતે પોસ્ટ કરવાનો કે જાણે આખો કાર્યક્રમ તે વ્યક્તિમય હોય. વળી કેટલાંક તો એવા મહાનુભાવ હોય છે કે બીજાના કાર્યક્રમમાં સ્વયં આમંત્રિત બનીને આવનાર મહેમાન પાસે પોતાનું પુસ્તક લઈને પહોંચી જશે અને ફોટો પડાવીને રજૂઆત એવી કરશે કે જાણે સમગ્ર કાર્યક્રમ જ તેમના થકી થયો હોય. ઘડીભર તો બીજા દિવસે મહેમાન પણ ફેસબુક પોતાના ફોટા નવાગંતુક સાથે જોઈને અચંબિત થઈ જાય છે,કે હું કાલે ક્યાં અને કોના કાર્યક્રમમાં ગયો હતો ? સોશ્યલ મિડીયા પર લાઈક્સ મેળવવાં માંગતો લોકપ્રિયતા વાંચ્છતા લોકોને કોણ જાણે કેમ એવું લાગતું હશે કે તેમની આ ઘેલછા કોઈને ધ્યાનમાં નથી આવી!! અને હું હાંસીનું પાત્ર તો બનીશ જ નહીં. જલેબી જેવું વ્યક્તિત્વ ધરાવતા માણસો પોતાના કુંડાળામાં જ અટવાતા રહે છે.

બે મિનિટ પહેલા જ જેની સાથે લળી લળીને વાતો થતી હોય તે જ વાત તેના ગયા પછીની બીજી જ ક્ષણે નિંદામાં પરિણમે છે. આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વાણીવિલાસ વહે રાખે છે. આપણી વાણી અસ્પષ્ટ અને વિચારો કઢંગુ સ્વરુપ ધારણ કરી રહ્યું છે.યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !

અને આપ જાણો છો! આ બધામાં ડરવા જેવું શું છે? ડરવાની વાત એ છે કે હવે આ દંભ,સ્વાર્થ,ચાપલૂસી,ડબલઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા ક્યારે શુદ્ધાત્મા પર હાવિ થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સોનાલીટી' ધરાવતો આજનો વ્યક્તિ ખૂબ જ ખતરનાક થઈ ગયો છે.

ક્યારે એક વ્યક્તિ તરફ પ્રેમ તો વળી ક્યારેક તે જ વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા. ક્યારે વફાદારી ક્યારેક ગદ્દારી આ બધુ સહજ થઈ ગયું છે.કોઈ ભેદરેખા નથી રહી.બધુ એ હદે મિશ્રિત થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવાનુ આવે તો ગોથે ચડે.માણાસ એટલો પચરંગી બની ગયો છે કે દંભ અને સ્વાર્થની ટેરેટરી ક્યારે ચાલુ થઈ અને પ્રેમ અને સંવેદનાઓની ભાવનાઓ કયારે પાછળ છુટી ગઈ તે ભાન જ નથી રહેતું.

પણ આપણે આશાવાદી રહેવાનું છે.કવિ અશોક વાજપેયીનું પણ એ જ કહેવું છે. તેમની નિમ્ન કવિતા આપણે વાંચીએ સમજીએ અને આચરઈએ પણ ખરા.

જો બચી શકે તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ
જે રોફ સામે નથી કરગરતો
જે ઠગાય છે પણ પ્રેમ કરવાનું મૂકતો નથી
જે દૂધમાં પાણી મેળવતા અચકાય છે.
જે બીજાની ચોપડેલી ખાતા પહેલા બૂજાની સુક્કીનો વિચાર કરે છે.
તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધ પાસે બેસતા નથી કંટાળતો અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો.
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તે જ બચશે.

- jayuoza@gmail.com, Mo.9898046488

ગુજરાત એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃધ્ધિની બળુકી પહેચાન

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગુજરાત એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃધ્ધિની બળુકી પહેચાન

જગતભરમાં જેનો જોટો ન જડે એવી લોકસંસ્કૃતિ અને ભાતિગળ લોકજીવનથી મહેકતો અને ચહેકતો ગુજરાત પ્રદેશ, દેશ અને દુનિયામાં એક નોખો-અનોખો પ્રદેશ છે. ગુજરાતની ધરતી ઉપર હજારો વર્ષોથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિની સરવાણી વહે છે. ગુજરાતની લોકજાતિઓ, વસ્ત્રાલંકારો, લોકોત્સવો, પર્વો, મેળા, લોકસંગીત, લોકનૃત્ય, લોકવાદ્ય, ખાનપાન, પશુ શણગારો, રમકડાં, લોકમનોરંજન, હસ્તલિખિત પોથીઓ, હવેલી સ્થાપત્ય, ભીંતચિત્રો વગેરે વિવિધ પાસા દેશ અને દુનિયા માટે જબરુ આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે.



ગુજરાતનું કલાજગત, ગુજરાતના સર્જકો, લોકસંગીત, લોકકથાકારો, સંતવાણી, માણભટ્ટો, નટબજાણીયા, વગેરે ઉડીને આંખે વળગે એવા છે. ખેતરે ખેતરે જ્યાં હરિયાળી હરખાય છે. ઉત્તરે મા અંબા બિરાજમાન છે, દ્વારિકામાં જ્યાં શામળીયાના પગ સાગર પખાળે છે એવી ગુજરાતની ધરતીનો અદભુત શણગાર દેશ-વિદેશના પ્રવાસીઓના મન મોહી લે છે. એક તરફનું વડનગરનું કીર્તિ તોરણ બીજી તરફ સિદ્ધપુરનો રૂદ્રમહાલ, વર્લ્ડ હેરિટેજ રાણીની વાવ, મોઢેરાનું સૂર્યમંદિર અને વનરાજોની ત્રાડ ગુજરાતની શાન છે. ભાલમાં શોભતું નળસરોવર, ઝૂલતાં મિનારા અને સિદી સૈયદની જાળીથી સોહામણું લાગે છે અમદાવાદ. આખા રાજ્યને પાણી પૂરું પાડવા માટે મા નર્મદા ઉપર અડિખમ ઊભો થયેલો સરદાર સરોવર ડેમ અને સાબરમતીના તીરે અડેખમ ઉભેલો ગાંધીઆશ્રમ દેશ આખાને શાંતી અને સમૃધ્ધિ માટે નોતરતુ પાટનગરનું મહાત્મા મંદિર ગુજરાતનાં ઘરેણાં છે.

મે મહિનાના પહેલા દિવસ સાથે વિશ્વભરની અનેક ઘટનાઓની યાદો જોડાયેલી છે. ૧લી મે, ૧૮૯૭માં સ્વામી વિવેકાનંદજીએ કલકત્તા નજીક બારાનગરમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. ૧લી મે, ૧૯૦૮માં પ્રફુલ્લચંદ ચાકીએ મુઝ્ઝફરપુર બોમ્બ કાંડને અંજામ આપી પોતાની જાત ઉપર ગોળી મારી હતી. જેણે એના જીવન કાળ દરમિયાન ૩૫૦૦થી વધુ ગીતો ગાયા છે એવા પાશ્વગાયક મન્નાડેનો જન્મ ૧લી મે, ૧૯૨૦ના રોજ થયો હતો. ૧લી મે, ૨૦૧૧ના રોજ વિશ્વ સમસ્તને આતંકવાદના ભરડામાં લેનારા ઓસામા બિન લાદેન અમેરિકન સી ઈગલના જવાનોના હાથે માર્યો ગયો હોવાના સમાચાર અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ વિશ્વને આપ્યા. ૧લી મે, ૧૯૯૯ના રોજ નેપાળ દેશે મૃત્યુદંડની સજા સમાપ્ત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. ૧લી મે, ૧૮૪૦માં બ્રિટનમાં પહેલ વહેલી ડાક ટિકિટ રીલીઝ થઈ હતી. પણ ગુજરાતી બાંધવો માટે ૧લી મે સાથે જોડાયેલી અનેક જાણી અજાણી ઘટનાઓમા શીરમોર ઘટના એટલે ગરવા ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ.



છેક ચૌલુક્ય વંશથી ગુજરાતનો ઈતિહાસની કડીઓ મળે છે. ચક્રવર્તી ગુર્જરો પુસ્તકમાં કનૈયાલાલ માણેકલાલ મુનશી લખે છે કે, "જે પ્રદેશની સીમા ઉત્તરે આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહિને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યાર બાદ દમણ ગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ 'ગુજરાત' નામે ઓળખાવા લાગ્યો." ૧૯૪૭માં હિન્દુસ્તાન આઝાદ થયું. આ સમયે પશ્ચિમ વિસ્તારમાં આવતાં રજવાડાઓ એકત્રિત કરી સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ ત્રણ રાજ્યો બનાવાયા. ૧૯૫૬માં મુંબઈ રાજ્યનો વિસ્તાર વધારી કચ્છ, સૌરાષ્ટ્ર, હૈદરાબાદ અને મધ્ય પ્રદેશનો કેટલોક ભુભાગ તેમાં જોડવામાં આવ્યો. આ નવા મુંબઈ રાજ્યના ઉત્તરનાં વિસ્તારમાં ગુજરાતી બોલતા અને દક્ષિણમાં મરાઠી બોલતા લોકો રહેતા હતા. ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવા આગેવાનોએ ઓગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર-ચાર વર્ષ સંઘર્ષમય અહિંસક લડત આપ્યા બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાયો.

ગુજરાત એટલે ગરબા. ગુજરાત એટલે વેપાર. ગુજરાત એટલે સ્વાદ. ગુજરાત એટલે સાહસ. ગુજરાત એટલે સંસ્કાર. ગુજરાત એટલે સૌજન્ય. સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની ભોમકા એટલે ગરવું ગુજરાત. છપ્પનીયો દુકાળ હોય કે, મોરબી, સુરત, બનાસકાંઠા જેવી જળ હોનારતો હોય, ધરતીકંપનો માર હોય કે વાવાઝોડાનો ત્રાસ હોય ગુજરાતી બાંધવોએ આફતોનો મક્કમ મુકાબલો કરીને વિકાસને રતિભર પણ મોળો પડવા નથી દીધો. દેશની કુલ વસતિના પાંચ ટકા ગુજરાતી બાંધવો છે અને વિસ્તારની રીતે જોતા દેશની કુલ જમીનના છ ટકા હિસ્સો ગુજરાત પ્રદેશનો છે. ભારતના સ્ટોક એક્ષચેન્જનો ૩૦થી ૩૨ ટકા હિસ્સો ગુજરાતીઓ પાસે છે. વિશ્વનું સૌથી પહેલું 'ધ્યોર વેજ સબ-વે' અને 'ડોમીનોઝ' ગુજરાતમાં ખુલ્યું હતું.

વિશ્વના ૮૦ ટકા હિરા ગુજરાતના સુરતમાં પોલીશ થાય છે. દુનિયાનું સૌથી પહેલુ 'વેજ પીઝાહટ' અમદાવાદમાં ખૂલ્યું હતું. ગુજરાતના પ્રત્યેક ગામમાં વીજળી છે. ભારતના કુલ મીઠાના ઉત્પાદનમાં ૭૮ ટકા જેટલુ મીઠું ગુજરાત પકવે છે. હિન્દુસ્તાનમાં સૌથી વધુ રૂ ગુજરાતમાં ઉત્પાદન થાય છે. દેશમાં ૨૦ ટકા ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ ગુજરાતનું છે. રાષ્ટ્રમાં થતાં મીનરલ પ્રોડક્શનના ૯ ટકા પ્રોડક્શન ગુજરાતમાં થાય છે. દેશમાં ૨૨ ટકા એક્ષપોર્ટ ગુજરાત કરે છે. દેશના કુલ ટેક્ષટાઈલ પ્રોડકશનમાં ૨૪ ટકા જેટલુ ઉત્પાદન ગુજરાત કરે છે. ૩૫ ટકા ફાર્મા પ્રોડક્ટ, ૫૧ ટકા પેટ્રોકેમિકલનુ પ્રોડકશન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં ૧૭ નાના મોટા એરપોર્ટ છે. ભારતના કોઈપણ રાજ્યની તુલનામાં સૌથી વધુ શાકાહારી લોકો ગુજરાતમાં છે. ગાંધીનગરના કવિ કનૈયાલાલ ભટ્ટની એક રચના યાદ આવે છે, 'હું ગુજરાતી, તું ગુજરાતી, આપણ સૌનુ તળ ગુજરાતી, રગ રગમા વહેતા રક્તકણોમાં ધમકે છે, તે બળ ગુજરાતી, સાચ્ચે સાચુ કહી દે સામે, કડવો પણ મીઠો ગુજરાતી, પ્રેમ કરે તો જીવતર દઈ દે, જીદે ચડે તીખો ગુજરાતી...' ગુજરાત એટલે એક જમીનનો ટૂકડો નહીં ગુજરાત એટલ